સાયબર જાગરૂકતા દિવસની ઉજવણી તથા સાયબર ક્રાઇમ લોકજાગૃતિના પ્રચાર પ્રસાર માટે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં નવી બાબત તરીકે થયેલ જોગવાઈનો ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવા બાબત.

**ગુજરાત સરકાર**

ગૃહ વિભાગ

ઠરાવ ક્રમાંક: HD/CYC/e-file/8/2023/7620/SB4

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૦૫/૦૩/૨૦૨૪

**વંચાણે લીધા**

(૧) અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી. ક્રાઇમ અને રેલ્વેઝ, ગાંધીનગરના તા.૨૨/૧૧/૨૦૨૩ ના પત્ર ક્રમાંક: સા.ક્રા.સેલ/સા.જાગૃતિ/બજેટ ૨૪-૨૫/૫૬૫૨/૨૦૨૩.

## આમુખ

વર્તમાન ડીજીટલ યુગમાં ઈન્ટરનેટનો ઉપયોગ ફાયનાન્શીયલ, સોશીયલ તેમજ ઘણા બધા વ્યાપારીક હેતુઓ માટે કરવામાં આવે છે અને તમામ લોકો ઈન્ટરનેટથી સંકળાયેલ છે. જેની સાથે સાથે સાયબર ક્રાઈમના ગુનાઓમાં પણ નોંધપાત્ર વધારો થયેલ છે તથા આગામી સમયમાં સાયબર ગુનાઓ વધવાની સંભાવના છે. જેમાં નાગરિકો જાગૃતિના અભાવે લાલચ, ડર કે આળસમાં સાયબર ક્રાઈમનો ભોગ બની જતા હોય છે જેથી સાયબર ક્રાઈમના અટકાવ માટે “સાયબર હાઈજીન” વધારવું તેમજ લોકજાગૃતિનો પ્રચાર-પ્રસાર કરવો ખુબ જ જરૂરી છે. તે માટે ભારત સરકારની સૂચનાઓ અનુસાર દર માસના પ્રથમ બુધવારે ‘સાયબર જાગરૂકતા દિવસ'ની ઉજવણી કરવી જેમાં માસ અવેરનેસના પ્રોગ્રામ્સ દ્વારા સાયબર ક્રાઇમ અંગે લોકોને જાગૃત કરવા તેમજ સાયબર ક્રાઇમને રોકવા દૂરદર્શન, રેડિયો, સમચારપત્રો, સોશિયલ મિડીયા પ્લેટફોર્મ વગેરે જેવા પ્રચાર પ્રસાર માધ્યમોથી લોકોને જોડી સાયબર જાગરૂકતાને જન આંદોલન બનાવવા તેમજ Digital Payments Utsav Campaign હેઠળ તમામ હિતધારકોને સાથે રાખી સુરક્ષિત ડિજીટલ પેમેન્ટ પ્રેક્ટીસ માટે અવેરનેસ કેમ્પેન, ડિજીટલ ફ્રોડ અટકાવવા લોકજાગૃતિ કાર્યકમોનું આયોજન કરવા માટેના સંબંધિત ખર્ચ માટે વંચાણે લીધા ક્રમ (૧) થી, અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઈ.ડી. ક્રાઇમ અને રેલ્વેઝ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરે, નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં રૂ. ૨૦૦ લાખ ફાળવવા દરખાસ્ત કરેલ, જેને મંજુરી આપવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

## ઠરાવ

સરકારશ્રી દ્વારા પુખ્ત વિચારણાને અંતે સાયબર જાગરૂકતા દિવસની ઉજવણી તથા સાયબર ક્રાઇમ લોકજાગૃતિના પ્રચાર-પ્રસાર માટે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ ના અંદાજપત્રમાં નવી બાબત તરીકે રૂ. ૨૦૦ લાખ (અંકે રૂપીયા બસો લાખ પૂરા) ની જોગવાઈ કરી, નીચેની વિગતે શરતોને આધિન ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવામાં આવે છે.

| ક્રમ | ખર્ચનો પ્રકાર | વિગત |
|---|---|---|
| ૧ | પ્રિન્ટીંગ મિડીયા વર્તમાન પત્રોમાં ડિસ્પ્લે જાહેરાતની પ્રસિધ્ધિ કરવી | ૩૦.૦૦ લાખ |
| ૨ | હોર્ડીંગ્સ, બેનર, સાહિત્ય અને ચોપાનીયા દ્વારા જન-જાગ્રુતિ ફેલાવવી. | ૩૫.૦૦ લાખ |
| ૩ | ઈલેક્ટ્રોનિક મિડીયા ટી.વી./એફ.એમ./સિનેમાઘરોમાં લોકજાગૃતિનું પ્રસારણ કરવુ | ૫૦.૦૦ લાખ |
| ૪ | ગુજરાત રાજ્યની એસ.ટી.બસો પાછળ જાહેરાતની પ્રસિધ્ધિ કરવી | ૧૫.૦૦ લાખ |
| ૫ | સાયબર અવેરનેશ સંબંધીત વેબ સીરીઝ/વિડિયો ક્લિપ્સ/પોસ્ટ બનાવવી. | ૪૦.૦૦ લાખ |
| ૬ | સાયબર રથ બનાવી પ્રચાર-પ્રસાર. | ૨૦.૦૦ લાખ |
| ૭ | સોશીયલ મિડીયા પેજના સંચાલન માટે એજન્સી નિમવાની કામગીરી | ૫.૦૦ લાખ |
| ૮ | પરચુરણ ખર્ચ | ૫.૦૦ લાખ |
| | **કુલ અંદાજીત ખર્ચ** | **૨૦૦.૦૦ લાખ** |


*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

૨. ઉક્ત વહીવટી મંજુરી નીચેની શરતોને આધીન આપવામાં આવે છે.

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે-તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધિન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં તથા બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) નાણાં વિભાગ દ્વારા જે શરતોએ મંજૂરી આપવામાં આવેલ હોય તેમાં કોઈપણ સંજોગોમાં નાણાં વિભાગની પૂર્વ મંજૂરી વિના ફેરફાર કરી શકાશે નહી.

(૭) સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

૩. આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ સદરે ઉધારવો અને નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ ના અંદાજપત્રમાં મંજુર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

| | |
|---|---|
| (૧) માંગણી ક્રમાંક | ૪૩ – પોલીસ |
| (૨) મુખ્ય સદર | ૨૦૫૫ – પોલીસ |
| (૩) પેટા મુખ્ય સદર | ૦૦ |
| (૪) ગૌણ સદર | ૧૦૯ – જીલ્લા પોલીસ |
| (૫) પેટા સદર | ૧૬ – સાયબર ક્રાઈમ સંબંધિત બાબતો |
| (૬) ખર્ચનો પ્રકાર | મહેસૂલી / મતપાત્ર |

૪. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં સલાહકારશ્રી (ગૃહ) ની તા.૨૧/૦૨/૨૦૨૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિજય બધેકા)
ઉપ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી (સીઆઈડી ક્રાઇમ અને રેલ્વેઝ), પોલીસ ભવન, ગાંધીનગર.
- પોલીસ મહાનિરીક્ષકશ્રી (વહીવટ), પોલીસ ભવન, ગાંધીનગર.
- પોલીસ અધિક્ષકશ્રી, સ્ટેટ સાયબર સેલ, બ્લોક-૨, સી-વિંગ, સાતમો માળ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલ (ઓડીટ), અમદાવાદ/રાજકોટ.
- એકાઉન્ટ જનરલ (એકાઉન્ટ), અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણા વિભાગ, 'ક' શાખા, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(ગૃહ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- બજેટ શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેક્ટ ફાઇલ.

Signature Not Verified

Signed by:V B Badheka
Under Secretary
Date:2024.03.05
18:08:59 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign